# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૧ તા.૨૧-૯-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :-** **શાળા સ્વચ્છતા એવોર્ડ(૨૦૧૬-૧૭) માટે શાળાનું નોમીનેશન કરવા બાબત.**

**સંદર્ભ :-** **ક્રમાંક/જીસીઈઆરટી/તાલીમ/શાળા સ્વચ્છતા/૨૦૧૬/૨૦૫૪૧-૬૬ તા.૧૬-૯-૧૬**

આથી તમામ મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વર્ષ ૨૦૧૬-૧૭ શાળા સ્વચ્છતા માટેનો એવોર્ડ આપવાની યોજના મંજૂર થયેલ હોવાથી નીચે જણાવેલ માર્ગદર્શક સૂચનાઓનો અમલ કરવા જણાવવામાં આવે છે.

માર્ગદર્શક સૂચનાઓ :-

(૧) દરેક શાળાએ નોમીનેશન ફોર્મ અચૂક ભરવાનું રહેશે.

(૨) આ નોમીનેશન ફોર્મ ડાયેટના બ્લોગ dietahmdcity.blogspot.in ઉપરથી મેળવી લેવાનું રહેશે.

(૩) ૭૦% મેળવેલ હોય તે શાળાની આકસ્મિક મુલાકાત ચકાસણી એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા કરવામાં આવશે.

(૪) શાળાનાં સ્વમૂલ્યાંકન પત્રકમાં મૂકવામાં આવેલ વિકલ્પમાં પ્રથમ વિકલ્પ (a) માટે ૦, (b) માટે ૧, (c) માટે ૨, (d) માટે ૪ ગુણ નક્કી કરવામાં આવેલ છે.

(૫) યુઆરસી. દીઠ બે શાળાઓને શાળા દીઠ રૂા.૧૦,૦૦૦/- ની રકમ એવોર્ડ તરીકે આપવામાં આવશે.

(૬) નોમીનેશન ફોર્મમાં સ્વચ્છતા સબંધી વિવિધ પાસાનાં કુલ ૧૦૦ ગુણ રાખવામાં આવેલ છે.

(૭) નોમીનેશન ફોર્મમાં a થી e સુધીના વિકલ્પ આપવામાં આવેલ છે. જેનું મૂલ્યાંકન ગુણાંકન ૦ થી ૫ ચડતાંક્રમમાં કરવાનું રહેશે.

(૮) આ સાથે સામેલ તા.૧૬-૯-૧૬નો સંદર્ભ દર્શિત પત્ર અચૂક ધ્યાને લેવો.

(૯) દરેક શાળાએ સ્વચ્છતા સબંધી અહેવાલ તૈયાર કરવાનો રહેશે જેથી તેને આધારે પસંદગી સમિતિ ચકાસણી કરી મૂલ્યાંકન કરશે.

(૧૦) નોમીનેશન ફોર્મ ૯ ઓકટોબર-૨૦૧૬ સુધીમાં ઓનલાઈન-૧૦ ઓકટોબર સુધીમાં ઓફ લાઈન ભરવાનું રહેશે.

(૧૧) સમયમર્યાદા પછી કોઈ જ બાબત ધ્યાને લેવામાં આવશે નહીં. જેની ખાસ નોંધ લેવી.

(૧૨) ઓનલાઈન ફોર્મમાં ક્રમ નં.૮-અ માં શાળાનું ઈ-મેઈલ એડ્રેસ ફરજિયાત લખવાનું રહેશે.

(૧૩) ફોર્મ સબમીટ કર્યા પછી આપેલ ઈ-મેઈલ એડ્રેસ ઉપર pdf ફોર્મ મળશે. જેની પ્રિન્ટ કાઢી શાળાની ફાઈલે રાખવાની રહેશે.

તા. ૨૧-૯-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

સચિવ

ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/શાળા સ્વચ્છતા/૨૦૧૬/20479-99
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : ૧૬ - ૦૯ - ૨૦૧૬

પ્રતિ

પ્રાચાર્યશ્રી

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - તમામ

વિષય- શાળા સ્વચ્છતા એવોર્ડ (વર્ષ -૨૦૧૬-૧૭)ના આયોજન બાબત

સંદર્ભ - ૧. શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક - જશભ/૧૦૨૦૧૬/૧/ન. તા. ૧૬/૫/૨૦૧૬

૨. ડાયેટના WE અને ET શાખાના વ્યાખ્યાતાઓની આયોજન બેઠક તા. ૭/૯/૨૦૧૬

સ્વચ્છ ભારત મિશન અંર્તગત શાળાઓમાં સ્વચ્છતા જાગૃતિ વધે અને સ્થાનિક સમુદાયમાં સ્વચ્છતા અંગેની સભાનતા અને સંવેદનશીલતા વધે એ માટે શાળા સ્વચ્છતા એવોર્ડ (વર્ષ -૨૦૧૬-૧૭)જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાઓને એવોર્ડ આપવાની યોજના મંજૂર થયેલ છે. શાળા સ્વચ્છતા એવોર્ડ (વર્ષ -૨૦૧૬-૧૭) યોજનાનું જિલ્લા કક્ષાએ આયોજન માટે નીચે જણાવેલ માર્ગદર્શક સુચના અને સંદર્ભ-૧ ના પત્રનો અમલ કરી જરૂરી આયોજન કરવા વિનંતી.

- જિલ્લા પંચાયત / મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાઓનો સમાવેશ કરવાનો રહેશે.
- ડાયેટ દ્વારા શાળાઓને શાળા સ્વચ્છતા એવોર્ડથી વાકેફ કરવાની રહેશે.
- ડાયેટ કક્ષાએ શાળા સ્વચ્છતા એવોર્ડની કામગીરી WE શાખાએ કરવાની રહેશે. ET શાખા દ્વારા તમામ ટેકનિકલ કામગીરી અને સહાય કરવાની રહેશે. તાલુકા મુલાકાતની પૂર્વે નોમીનેશન ફોર્મની વિગત તાલુકાના લાયઝને WE શાખા પાસેથી મેળવી તાલુકાના લાયઝને તેનું એકંદરી કરવાનું રહેશે.
- શાળાએ નોમીનેશન ફોર્મ ૯ ઓક્ટોબર ૨૦૧૬ સુધીમાં કરાવવાનું રહેશે. ( ઓન લાઇન)
- શાળાએ નોમીનેશન ફોર્મ ૧૦ ઓક્ટોમ્બર ૨૦૧૬ સુધીમાં કરાવવાનું રહેશે. ( ઓફ લાઇન)
- તાલુકાની એવોર્ડપાત્ર શાળાઓની મુલાકાત ૨૩ ડિસેમ્બર સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.
- તાલુકાવાર એવોર્ડ મેળવેલ પ્રાચાર્યશ્રીની સહી સાથે શાળાઓની યાદી ૩૧ ડિસેમ્બર સુધીમાં જીસીઇઆરટીમાં મોકલવાની રહેશે.(તાલુકો, શાળાનું નામ, પુરૂ સરનામું, આચાર્યનું નામ,સંપર્ક નંબર,ઈ-મેલ,શાળાના ધોરણ,રૂબરૂ મુલાકાતમાં મેળવેલ ગુણ)
- શાળાએ નોમીનેશન ફોર્મ અચૂક ભરવાનું રહેશે. આ ફોર્મ ડાયેટ દ્વારા વેબ સાઇટ/બ્લોગ કે બંને ઉપર શાળાઓ માટે ઉપલબ્ધ કરાવવાનું રહેશે. શાળા દ્વારા કરવામાં આવેલ ઓનલાઇન કે ઓફ લાઇન નોમીનેશન ફોર્મ સ્વીકારવાનું રહેશે.

- <u>તાલુકા/ઝોન એવોર્ડ પસંદગી સમિતિમાં નીચે મુજબના સભ્યો રહેશે.</u>
    1. પ્રાચાર્ય - અધ્યક્ષ
    2. ડાયેટ વ્યાખ્યાતા (તાલુકા લીએઝન)- સભ્ય સચિવ
    3. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/મદદનીશ શાસનાધિકારી - સભ્ય
    4. ડાયેટ વ્યાખ્યાતા (ડબ્લ્યુ.ઈ. શાખા)- સભ્ય
    5. બી.આર.સી. કો-ઓર્ડીનેટર-સભ્ય
    6. ટેકનીકલ રિસોર્સ પર્સન (ટી.આર.પી.)- સભ્ય (૧)
    7. સી.આર.સી. કો-ઓર્ડીનેટર – સભ્ય (૧)
    8. નિવૃત્ત એવોર્ડી પ્રા. શિક્ષક – સભ્ય (૧)
- ઉપરોક્ત સભ્યો પૈકી ૫ ( પાંચ) સભ્યોની ઉપસ્થિતિ શાળાની આકસ્મિક મુલાકાત દરમ્યાન જરૂરી રહેશે.
- શાળાએ નોમીનેશન ફોર્મ ભર્યાબાદ ૭૦ % મેળવેલ હોય તે શાળાની આકસ્મિક મુલાકાત તાલુકા/ઝોન એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા લેવાની રહેશે. નોમીનેશન ફોર્મની વિગતોની માહિતીની ચકાસણી કરવાની રહેશે.
- તાલુકા/ઝોન એવોર્ડ પસંદગી સમિતિ નોમીનેશન ફોર્મની વિગતોને આધારે એક નિયત પત્રકમાં શાળાનું નિરીક્ષણ/મૂલ્યાંકન કરશે.
- શાળાના સ્વમૂલ્યાંકન પત્રકમાં મૂકવામાં આવેલ વિકલ્પમાં પ્રથમ વિકલ્પ (a) માટે ૦ (b) માટે ૧ (c) માટે ૨ (d) માટે ૩ (e) માટે ૪ ગુણ નક્કી કરવામાં આવેલ છે.
- દરમિયાન આ એવોર્ડ આપવામાં આવશે એટલે કે તાલુકા/ઝોન દીઠ દરવર્ષે બે(2) એવોર્ડ આપવામાં આવશે.
- તાલુકામાં એવોર્ડ માટે પસંદ થયેલ બે શાળાઓને શાળાદીઠ રૂ. 10,000/- એવોર્ડની રકમ આપવામાં આવશે. એવોર્ડ વિતરણ કાર્યક્રમનું આયોજન જીસીઇઆરટીના સાથે પરામર્શમાં રહી કરવાનું રહેશે.
- સામેલ નોમીનેશન ફોર્મમાં સ્વચ્છતા સંબંધી વિવિધ પાસાના કુલ ૧૦૦ ગુણ રાખવામાં આવેલ છે. નોમીનેશન ફોર્મમાં a થી e સુધીના વિકલ્પ આપવામાં આવેલ છે. તેનું ગુણાકન ૦ થી ૫ ચડતા ક્રમમાં કરવાનું રહેશે
- શાળા મુલાકાત માટેનો પ્રાસંગિક ખર્ચ તાલુકા/ ઝોન એવોર્ડ પસંદગી સમિતિની બેઠકો અને શાળા મુલાકાત માટેનો ખર્ચ તાલુકા / ઝોન દીઠ રૂ. 4600/ ની મર્યાદામાં કરી શકાશે.

સચિવ
જીસીઇઆરટી
ગાંધીનગર

બિડાણ-

(૧) શાળા સ્વચ્છતા એવોર્ડની વહિવટી મંજૂરીનો પત્ર શિક્ષણ વિભાગ ઠરાવ ક્રમાંક - જશભ/૧૦૨૦૧૬/૧/ન. તા. ૧૬/૫/૨૦૧૬

(૨) શાળાએ ઓન લાઇન / ઓફ લાઇન ભરવાનું નોમીનેશન ફોર્મની નકલ.